



આ વિડિયોમાં આપણે ટેબલ નૅપ્કિનની કિનાર પર લેશ મુકવાનું શીખીશું.



લેશ કોઈપણ વસ્તુની સુંદરતાને વધારી દે છે.
આ માટે તમને જોઈશે -
એક ટેબલ નૅપ્કિન, લેશ, અને થોડી બીડેડ પિન્સ.
ટેબલ ક્લોથને ખોલી સપાટ પાથરી દો, જેથી એની સીધી બાજુ ઉપર દેખાય.
લેશને ટેબલ નૅપ્કિનની કિનાર પર ખૂણેથી એક ઇંચ છોડીને સીધી લાઈનમાં મુકો.
હવે બીડેડ પિન્સથી લેશને ટેબલ નૅપ્કિન સાથે જોડી દો, જેથી એ હલે નહીં.
આ રીતે લેશને કિનાર પર લગાવતા જાઓ.
ખૂણાના ભાગ પર લેશને થોડી વાળીને કાપી લો, જેથી લેશની અણી બરાબર લાગે.
પિન્સથી એને જોડી દો જેથી એ તેમ જ રહે.
હવે લેશને એ રીતે પિન લગાવી આખી કિનાર પર જોડતા જાઓ.
પિન્સને એક-સમાન અંતર પર લગાડો. જ્યારે તમારી કિનાર ચારે બાજુથી લાગી જાય ત્યારે અડધો ઇંચ રાખી તેને કાપી નાખો.
આ અડધા ઇંચની બરાબર ઘડી કરીને નીચેની તરફ પીનથી જોડી દો.
બંને છેડાને પિનથી બરાબર જોડી દો, જેથી સીવતી વખતે છૂટી ના જાય.
આ રીતે તૈયાર કરેલા ટેબલ નૅપ્કિનને મશીન પર સીવવા લાવો.
કપડાને મશીન પર એવી રીતે રાખો કે બરાબર અંદર વાળી કિનાર પર સોય આવે.
હવે સ્ટીચ પેટર્ન સિલેક્ટરને B અને C ની વચ્ચે રાખો.
સ્ટીચ લેન્થ નૉબને પણ 2 અને 3 ની વચ્ચે રાખો.








સીવણ શરુ કરતા પહેલા, પહેલી પિન કાઢી નાખો જેથી સોય તૂટે નહીં.

જેમ-જેમ આગળ વધો તેમ-તેમ પિન્સ કાઢતા જાઓ. મશીન સ્ટાર્ટ કરો અને ધ્યાનથી સિલાઈ એક સીધી લાઈનમાં કરો.

ખૂણા પર સીવતી વખતે સોયને કપડામાંથી કાઢ્યા વગર નૉબ પોતાની તરફ ફેરવી લો.

હવે પ્રેશર ફુટ ઉઠાવી કપડાને એ રીતે ફેરવો કે બીજી કિનાર સીધી લાઈનમાં સીવી શકાય.

પ્રેશર ફુટ નીચે લાવીને સીવવાનું શરુ કરો. કપડાને ચારેય બાજુથી આવી રીતે સીવો.

આખું સિવાઈ જાય તે પછી પ્રેશર ફુટને ઊંચકીને કપડાને કાઢી લો.

એક્સટ્રા દોરા કાપી નાખો.

હવે તમારું એક સુંદર ટેબલ નૅપ્કિન તૈયાર છે. આને વાપરજો અને ખુબ પ્રશંસા મેળવો.

અમારું સૂચન છે કે તમે આવી રીતે કિનાર પર લેશ બનાવવા માટે ઝિગઝેગ સ્ટીચનો વાપર કરો.

પણ તમે તમારી પોતાની ગમતી રીતે પણ એક્સપેરિમેન્ટ કરી શકો છો.

તો તમારી સર્જનશીલતાને અવકાશ આપો અને કપડાં અને તમારી ઘરની વસ્તુઓને અનોખી રીતે સજાવો.

